Tuesday
09.06.2026
✱Volume :10 ✱ Issue No.333
✱Email.: kamalamgujarat@gmail.com
✱www.kamalamgujarat.com
✱Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

# કમલમ્

KAMALAM — ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક — Daily

RNI No.:GUJGUJ/2016/73451

✱Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✱Page :04✱Rs. 00.25/- ✱Annual Rs. 90/-

# રાજ્યસભાની દ્વિવાર્ષિક ચુંટણી અંતર્ગત ગુજરાતની ચાર રાજ્યસભા બેઠકો માટે ભાજપાના ચારેય ઉમેદવારોએ ગુજરાત વિધાનસભા ખાતે નામાંકન પત્રક ભર્યું

## મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ રજૂ કર્યું










કમલમ્,

રાજ્યસભાની દ્વિ-વાર્ષિક ચુંટણી અંતર્ગત ગુજરાતની ચાર રાજ્યસભા બેઠકો માટે ભારતીય જનતા પાર્ટીના ચારેય ઉમેદવાર શ્રી રાજુભાઈ શુક્લ, શ્રી માનસિંહ પરમાર, શ્રી મુકેશભાઈ રાઠવા અને શ્રી જીતેન્દ્રભાઈ કંણઝારિયાએ આજે ગુજરાત વિધાનસભા ખાતે નામાંકન પત્રક ભર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી, વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી પૂર્ણેશભાઈ મોદી, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, પ્રદેશ મહામંત્રીશ્રીઓ પ્રશાંતભાઈ કોરાટ, શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ સહિતના આગેવાનશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ગુજરાતમાં 'વિકાસ ભી, વિરાસત ભી' નો વિચાર થયો સાકાર રાજ્યમાં છેલ્લાં બે વર્ષમાં ૧૬ લાખથી વધુ મુલાકાતીઓએ નિહાળ્યા મ્યુઝિયમ

## ડિજિટલ ટેકનોલોજીના સમન્વયથી મ્યુઝિયમ માત્ર કલાકૃતિઓના સંગ્રહસ્થાનની સાથે જ્ઞાન અને સંસ્કૃતિના જીવંત કેન્દ્રો બન્યાઃ પુરાતત્વ અને સંગ્રહાલય નિયામક ડો. પંકજ શર્મા

કમલમ્,

ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં કુલ ૧૬ લાખથી વધુ નાગરીકોએ વિવિધ મ્યુઝિયમ એટલે કે સંગ્રહાલયની મુલાકાત લીધી છે તેમ ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ હેઠળ કાર્યરત પુરાતત્વ અને સંગ્રહાલય નિયામક ડો. પંકજ શર્માએ જણાવ્યું છે. તેમણે કહ્યું કે, બદલાતા સમય સાથે ડિજિટલ ટેક્નોલોજીના સમન્વયથી મ્યુઝિયમ માત્ર કલાકૃતિઓના સંગ્રહસ્થાન ન રહેતા જ્ઞાન અને સંસ્કૃતિના જીવંત કેન્દ્રો બન્યા છે. છેલ્લા ૧૨ વર્ષમાં ગુજરાતમાં અનેક મ્યુઝિયમ બન્યા છે. જેમાં કચ્છના ભૂકંપ સામે ઝીંક ઝીલનારા કચ્છીઓની ખમીરને દર્શાવતું સ્મૃતિવન, ગાંધી વિચારના વારસાને જીવંત કરતું દાંડી કુટીર અને વડાપ્રધાનશ્રીના વતન એવા વડનગરના સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતા વડનગર એક્સપિરિયન્સિયલ મ્યુઝિયમનો સમાવેશ થાય છે. સમયને અનુરૂપ મ્યુઝિયમોનું સ્વરૂપ બદલાયું છે. આજે ગુજરાતના મ્યુઝિયમો માત્ર કલાકૃતિના સંગ્રહસ્થાનને બદલે ઈન્ટરેક્ટિવ અને ડિજિટલ લર્નિંગના વૈશ્વિક કેન્દ્રો બન્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વના ૧૨ વર્ષ દરમિયાન દેશમાં 'વિકાસ ભી, વિરાસત ભી' ના મંત્રને ગુજરાત સરકારે ચરિતાર્થ કર્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગુજરાતે આર્થિક વિકાસની સાથે-સાથે ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિરાસતને જાળવણી કરી નવી પેઢીને તેના પુરાતન વારસાનો પરિચય કરાવ્યો છે.

**પરંપરાથી ટેક્નોલોજી સુધી સમય સાથે બદલાયું મ્યુઝિયમનું સ્વરૂપ**

ભૂતકાળમાં મ્યુઝિયમ એટલે માત્ર કાચની પેટીઓમાં રાખેલી જૂની મૂર્તિઓ કે સિક્કાઓ જોવાનું સ્થળ ગણાતું હતું. પરંતુ છેલ્લા ૧૨ વર્ષમાં ગુજરાત સરકારે આ વ્યાખ્યામાં પરિવર્તન આણ્યું છે. આજે રાજ્યના સંગ્રહાલયોમાં યુવા પેઢી પોતાની વિરાસતને માત્ર જુએ નહીં પરંતુ અનુભવી પણ શકે તે હેતુથી એઆઈ/વીઆઈ (ઓગમેન્ટેડ અને વર્ચ્યુઅલ રિયાલિટી), ૩ડી પ્રોજેક્શન મેપિંગ, હોલોગ્રામ અને ઈન્ટરેક્ટિવ ટચસ્ક્રીન જેવી આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

**છેલ્લા ૧૨ વર્ષમાં ગુજરાતના વારસાને વૈશ્વિક સ્તરે મૂકતા મ્યુઝિયમ**

સ્મૃતિવન ભૂકંપ સ્મારક અને મ્યુઝિયમ (ભુજ): ૨૦૦૧ના ભૂકંપના દિવંગતોની સ્મૃતિમાં બનેલું આ મ્યુઝિયમ ભારતનું સૌથી અદ્યતન ટેક્નોલોજી ધરાવતું મ્યુઝિયમ છે, જ્યાં મુલાકાતીઓ ભૂકંપનો જીવંત અનુભવ (સિમ્યુલેટર દ્વારા) કરી શકે છે.

**સ્મૃતિવન માત્ર સંગ્રહાલય નથી, એક જીવંત અનુભૂતિ છે**

ભુજના ભુજિયા ડુંગર પર આકાર પામેલું સ્મૃતિવન ભૂકંપ સંગ્રહાલય અને સ્મારક આજે માત્ર ગુજરાત કે ભારત જ નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. સ્મૃતિવનની મુલાકાત લેનારા પ્રવાસીઓએ આ સંગ્રહાલયને કુદરતી આફતો સામે ખુમારીથી ઊભા થતા ગુજરાતનું પ્રતિક ગણાવ્યું છે. મ્યુઝિયમની અંદર ઊભા કરાયેલા થિયેટર અને ડિજિટલ માધ્યમો વિશે વાત કરતા પ્રવાસીઓએ જણાવ્યું કે, અહીં આવીને ૨૦૦૧ના એ ભયાનક ભૂકંપનો વાસ્તવિક અહેસાસ થાય છે. ભૂકંપ સમયે લોકો પર શું વીતી હશે અને ત્યારબાદ આખું ગુજરાત કેવી રીતે બેઠું થયું અને નવસર્જન પામ્યું, તેની પ્રેરણાદાયી ગાથા મુલાકાતીની આંખો ભીની કરી જાય છે.

**દાંડી કુટીરઃ બાપુના આદર્શોની અનુભૂતિ**

ગાંધીનગરમાં વર્ષ ૨૦૧૫માં નિર્માણ પામેલા દાંડી કુટિર મ્યુઝિયમ મહાત્મા ગાંધીના જીવન અને વિચારોને આધુનિક ટેક્નોલોજી દ્વારા લોકો સુધી પહોંચાડ્યા છે.

દાંડી કુટિર એ ૪૧ મીટર ઊંચો શંકુ આકારનો ગુંબજ છે જે મીઠાના ઢગલાનું પ્રતિક છે. વર્ષ ૧૯૩૦માં મહાત્મા ગાંધીજી દ્વારા કરવામાં આવેલા મીઠાના સત્યાગ્રહનું પ્રતિક છે. દાંડી કુટીરમાં પ્રકાશ, ધ્વનિ, એનિમેશન અને મલ્ટીમીડિયા પ્રેઝન્ટેશન દ્વારા સ્વાતંત્ર્ય આંદોલનની ગાથા જીવંત બને છે. દાંડી કુટિરે સાબિત કર્યું કે મ્યુઝિયમ માત્ર પ્રદર્શનનું કેન્દ્ર નહીં પરંતુ પ્રેરણાનું માધ્યમ પણ બની શકે છે.

**વડનગર આર્કિયોલોજિકલ મ્યુઝિયમઃ**

વર્ષ ૨૦૨૫માં નિર્માણ પામેલું આ મ્યુઝિયમ વડનગરના હજારો વર્ષ જૂના ઈતિહાસ અને ખોદકામ દરમિયાન મળી આવેલા અવશેષોને જીવંત રાખવા માટે બનાવાયું છે. આ મ્યુઝિયમ ભારતમાં આ પ્રકારનો પ્રથમ ઉત્ખનન સ્થળનો અનુભવ તથા ઉત્ખનન દરમિયાન પ્રાપ્ત થયેલા અવશેષોને પ્રદર્શિત કરે છે. આ અદ્યતન આર્કિયોલોજિકલ મ્યુઝિયમમાં ઈમર્સિવ ટેક્નોલોજી જેમ કે, AR/VR, 3D ડિસ્પ્લે, પ્રતિકૃતિ અને ડાયોરામાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સ્થળ આંતરિક અવલોકન દ્વારા ૨૫૦૦ વર્ષના ૭ સાંસ્કૃતિક તબક્કાઓના કાલક્રમિક વિકાસનો અનન્ય અનુભવ અને સમજ આપશે.

**લોથલ ખાતે નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સઃ (નિર્માણાધીન)**

ભારતની પ્રાચીન દરિયાઈ શક્તિ અને સિંધુ ખીણની સભ્યતાના વારસાને ઉજાગર કરતું આ આંતરરાષ્ટ્રીય કક્ષાનું પ્રોજેક્ટ આ ગાળા દરમિયાન વેગવંતું બન્યું છે. લોથલમાં બની રહેલ નેશનલ મેરિટાઈમ હેરિટેજ એ વિશ્વનું સૌથી મોટું મેરિટાઈમ મ્યુઝિયમ છે. વિશ્વની સૌથી પ્રાચીન શહેરી સંસ્કૃતિઓમાંની એક સિંધુ ખીણ સંસ્કૃતિના મહત્વપૂર્ણ બંદર શહેર તરીકે ઓળખાતું લોથલ આજે ફરી એકવાર વૈશ્વિક ધ્યાનનું કેન્દ્ર બની રહ્યું છે.

લોથલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ માત્ર મ્યુઝિયમ નહીં પરંતુ ભારતના સમૃદ્ધ સમુદ્રી ઈતિહાસ અને વૈશ્વિક વેપાર પરંપરાને વિશ્વ સમક્ષ રજૂ કરતું એક ભવ્ય સાંસ્કૃતિક કેન્દ્ર બનશે. પરંપરાગત મ્યુઝિયમોમાં જ્યાં માત્ર વસ્તુઓ પ્રદર્શિત થતી હતી, ત્યાં લોથલમાં મુલાકાતીઓને હજારો વર્ષ જૂના બંદર શહેરની જીવંત અનુભૂતિ કરાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. અદ્યતન ડિજિટલ ટેક્નોલોજી, ઈમર્સિવ ગેલેરીઓ, વર્ચ્યુઅલ પ્રેઝન્ટેશન, સમુદ્રી વેપારના મોડેલો અને ઈન્ટરેક્ટિવ પ્રદર્શન દ્વારા મુલાકાતીઓ પ્રાચીન ભારતના વૈશ્વિક વેપાર અને નૌકાયન કૌશલ્યને નજીકથી જાણી શકશે.

**સ્ટેચ્યુ ઓફ યુનિટી અને મ્યુઝિયમ (કેવડિયા):**

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાની સાથે સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને ભારતના દેશી રાજ્યોના વિલીનીકરણના ઈતિહાસને દર્શાવતું અત્યાધુનિક મ્યુઝિયમ આ વિઝનનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ગુજરાત સરકાર આગામી સમયમાં પણ રાજ્યની અસ્મિતા, સંસ્કૃતિ અને ઈતિહાસને વૈશ્વિક ફલક પર લઈ જવા તથા નવી પેઢીને પોતાની વિરાસત પ્રત્યે ગૌરવ થાય તેવા આધુનિક પ્રકલ્પો માટે કટિબદ્ધ છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતે ભવ્ય લાઈવ થિયેટ્રિકલ શો 'કૃષ્ણઃ રાધા સે રણભૂમિ તક' નિહાળ્યો

## મુખ્યમંત્રીશ્રીએ અન્ય પ્રેક્ષકોની સાથે બેસીને સામાન્ય દર્શકની જેમ શ્રી કૃષ્ણની જીવનલીલાઓ માણી





ભગવાન શ્રીકૃષ્ણની વૃંદાવનથી માંડીને કુરુક્ષેત્રની રણભૂમિ સુધીની દિવ્ય યાત્રા રંગમંચ પર જીવંત થઈ

## મનોજ મુંતશીર લિખિત-વર્ણિત લાઈવ શોમાં કૃષ્ણલીલાઓને પૌરાણિક કથાઓથી પર લાગણી અને ફિલસૂફીના રંગો સાથે માણીને દર્શકો ભાવવિભોર બન્યા

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના શેલા સ્થિત ઔડા (AUDA) ઑડિટોરિયમ ખાતે ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓ પર આધારિત મનોજ મુંતશીર લિખિત-વર્ણિત લાઈવ થિયેટ્રિકલ શો 'કૃષ્ણઃ રાધા સે રણભૂમિ તક' નિહાળ્યો હતો. ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રીશ્રીએ અન્ય પ્રેક્ષકોની સાથે એક સામાન્ય દર્શકની જેમ જ તેમની બેસીને આ હૃદયસ્પર્શી પ્રસ્તુતિ માણી હતી. આ સમયે ભાજપા સંગઠન મહામંત્રી રત્નાકરજી પણ ઉપસ્થિત રહ્યા હતા. ભગવાન શ્રીકૃષ્ણની વૃંદાવનની મધુર લીલાઓ અને રાધાજી પ્રત્યેના નિઃસ્વાર્થ પ્રેમથી માંડીને કુરુક્ષેત્રની રણભૂમિ સુધીની દિવ્ય યાત્રાને આ શોમાં રજૂ કરવામાં આવી છે. જેને નિહાળીને મુખ્યમંત્રીશ્રી સહિત સૌ ઉપસ્થિતોએ ભારતની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ધરોહરને સમૃદ્ધ કરતી આ પ્રસ્તુતિ નિહાળીને ધન્યતાની અનુભૂતિ કરી હતી. જાણીતા લેખક અને ગીતકાર મનોજ મુંતશીર દ્વારા ભગવાન શ્રી કૃષ્ણના જીવનની દિવ્ય સફરને પૌરાણિક કથાઓથી પર લાગણી અને ફિલસૂફીના રોમાંચક રંગો સાથે આ લાઈવ શોમાં દર્શાવવામાં આવી છે. આ સમગ્ર રચનાનું વર્ણન મનોજ મુંતશીરે પોતાના પ્રભાવશાળી અવાજ દ્વારા કર્યું છે. આ શોમાં ચોટદૂક વાર્તા કથન, હૃદયસ્પર્શી સંગીત અને ભવ્ય સ્ટેજ ક્રાફ્ટ દ્વારા શ્રી કૃષ્ણને એક પ્રેમી, માર્ગદર્શક અને મહાન વ્યૂહરચનાકાર તરીકે અનોખી રીતે રજૂ કરવામાં આવ્યા છે.

જે દર્શકોને 'પ્રેમ', 'નીતિ' અને 'કર્તવ્ય' વચ્ચે સંતુલન રાખવાની પ્રેરણા આપે છે. જેનું નિર્માણ નીલમ મુંતશીર અને સારેગામા દ્વારા તેમજ નિર્દેશન પુનીત જે. પાઠક દ્વારા કરવામાં આવ્યું છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



જેમના જીવનની દરેક ક્ષણ સેવા અને રાષ્ટ્રહિત પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતાનું પ્રતીક છે,
જેમના માટે જનકલ્યાણ જ જીવનસાધના છે, એવા **સેવાભાવી શ્રી નરેન્દ્ર મોદીજી**ના નેતૃત્વમાં
ભારતની અવિરત પ્રગતિ થઈ રહી છે એવું સમગ્ર દેશ કહી રહ્યો છે...

# 12 વર્ષ વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના

## ગરીબ કલ્યાણ

- **81 કરોડથી વધુ** નાગરિકોને દર મહિને **નિઃશુલ્ક અનાજ**
- **4 કરોડથી વધુ પીએમ આવાસ, 10.5 કરોડથી વધુ ઉજ્જવલા ગેસ કનેક્શન** અને **12 કરોડથી વધુ શૌચાલયો**થી જીવન બન્યું સરળ

## નારીશક્તિ

- **32 કરોડથી વધુ** મહિલાઓના **જનધન ખાતા** ખુલ્યા
- સેનામાં મહિલાઓને મળ્યું **સ્થાયી કમિશન**
- **3 કરોડથી વધુ 'લખપતિ દીદી'**
- **10 કરોડ** ગ્રામીણ મહિલાઓ **91 લાખથી વધુ સ્વ-સહાય જૂથો**ના માધ્યમથી બની સશક્ત

## રાષ્ટ્ર નિર્માણ

- **26** શહેરોમાં વિસ્તર્યું **1,100 કિ.મી.**થી વધુનું **મેટ્રો નેટવર્ક**
- દેશભરના પાટા પર દોડી રહી છે **164 વંદે ભારત ટ્રેનો**
- અટલ સેતુ, સુદર્શન સેતુ, ચિનાબ રેલ બ્રિજ, બોગીબીલ બ્રિજ, પંબન બ્રિજ જેવા **વિશાળ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું નિર્માણ**
- **એરપોર્ટ્સ**ની સંખ્યા બમણી થઈને **164** થઈ

## યુવાશક્તિ

- અંદાજે **2 કરોડ** યુવાનોને **કૌશલ્ય તાલીમ**
- **₹40 લાખ કરોડથી વધુ**ની **મુદ્રા લોન**
- દેશભરમાં **2.2 લાખ સ્ટાર્ટઅપ્સ**
- **10,000થી વધુ અટલ ટિંકરિંગ લેબ્સ** દ્વારા નવીનતાને પ્રોત્સાહન

## આરોગ્ય

- **70 વર્ષથી વધુ** વયના વરિષ્ઠ નાગરિકોને પણ **₹5 લાખ** સુધી **મફત સારવાર**
- **60 કરોડથી વધુ** લોકોને **આયુષ્માન ભારત**નું સુરક્ષા કવચ
- દેશભરમાં **19,000થી વધુ જનઔષધિ કેન્દ્રો**માં **90%** સુધી સસ્તી દવાઓ

## રાષ્ટ્ર પ્રથમ

- આશરે **₹38,400 કરોડ**નું રેકોર્ડ **ડિફેન્સ એક્સપોર્ટ**
- **નક્સલવાદમુક્ત ભારત**નું સપનું થયું સાકાર, આતંકવાદ સામે **'ઝીરો ટોલરન્સ'** નીતિ
- ગુલામીની માનસિકતામાંથી મુક્તિ - રાજપથ બન્યો **કર્તવ્ય પથ** અને **છત્રપતિ શિવાજી મહારાજ**ની મુદ્રાથી પ્રેરિત **નૌસેનાનો નવો ધ્વજ**

## ખેડૂત કલ્યાણ

- **₹4.5 લાખ કરોડ**ની પીએમ કિસાન સમ્માન નિધિ
- **4 કરોડથી વધુ** ખેડૂતોને **₹2 લાખ કરોડ**નું **પાક વીમા કવચ**
- **₹26 લાખ કરોડથી વધુ**ના પાકની ખરીદી **MSP** પર
- **8 કરોડ** ખેડૂતોને **કિસાન ક્રેડિટ કાર્ડ**

## મધ્યમવર્ગીય પરિવાર

- **₹12.75 લાખ** સુધીની વાર્ષિક આવક **કરમુક્ત**
- **ઉડાન યોજના** હેઠળ **1.6 કરોડથી વધુ** મુસાફરોએ કરી સસ્તી હવાઈ યાત્રા
- **એમબીબીએસ** બેઠકોની સંખ્યા 151% વધીને અંદાજે **1.3 લાખ** થઈ

## વારસો અને વિકાસ

- અયોધ્યામાં **ભવ્ય રામ મંદિર**નું નિર્માણ
- કાશી વિશ્વનાથ ધામ, મહાકાલ મહાલોક અને કેદારનાથ ધામનો **કાયાકલ્પ**

ગરીબ કલ્યાણ, યુવાશક્તિ અને નારીશક્તિના સશક્તિકરણ થકી દેશને અગ્રેસર કરતા
આ **'૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના'** એ **આદરણીય વડાપ્રધાનશ્રીની રાષ્ટ્રહિત** પ્રત્યેની
અતૂટ પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. - **શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

